**૯. ટેકનોલોજી આધારિત શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ :** વર્તમાન સમયમાં જયારે શિક્ષણપ્રણાલીમાં ભરપૂર ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે ત્યારે ટેકનોલોજી યુકત શિક્ષણ આપવા તત્પર રહેવું.

**૧૦. વર્ગખંડમાં અવ્યવસ્થા ટાળવા :** વર્ગખંડમાં અવ્યવસ્થા ટાળવા શિક્ષકે સંપૂર્ણ સજજ બની વર્ગખંડમાં જવુ જેથી વિદ્યાર્થી નિયંત્રણ કરવામાં મુશ્કેલી ન રહે. તોફાની વિદ્યાર્થીઓને અલગ તારવી તેમના પર અલગ પ્રકારે કામગીરી કરવી વર્ગખંડમાં તેમને સજા ન આપતા અલગ રીતે તેને બોલાવીને પ્રેરણા આપવી અને પછી પણ ન માને તો વાલી સંપર્ક કરવો ત્યારબાદ દંડની જોગવાઇ માટે શાળાના આચાર્યને મળી તેને દંડ કરવો.

**૧૧. સંસ્કૃતિ અને મૂલ્યોની જાળવણી થાય તેવી વસ્તુઓનો શિક્ષણમાં સમાવેશ કરવો :** શિક્ષક ધારે તો શું ન કરી શકે? શિક્ષણકાર્યની સાથે સાથે સાંસ્કૃતિકમૂલ્યો વિશે વિદ્યાર્થીઓને જણાવી તેમને સંસ્કૃતિથી વિમુખ થતો અટકાવી શકે. તેથી વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે મૂલ્યો અને સિધ્ધાંતો વિશે પણ વાતચીત કરવી. કારણકે આજનું શીખેલું તેના માનસપટલ પર આજીવન કોતરાયેલું રહેશે અને વિદ્યાર્થી કયાંક ખોટું કરતાં અટકશે.

**૧૨. શાળાએ શિસ્તવિષયક સમાન નિયમો બનાવવા :** શાળા દ્વારા વિદ્યાર્થીઓને સમયાનુસાર શિસ્તવિષયક બાબતો માટે જણાવવું . સૂચનાઓનો અમલ કરવાની સમજ પૂર્ણ પણ આપવી જોઇએ. શિસ્ત ન હોવાથી તેના પર દંડનીય કાર્યવાહી કરવી. યોગ્ય સજા અને નિયમ પાલન અંગેના યોગ્ય નિયમો બનાવી શિક્ષકો પાસે તેનું પાલન કરાવવું જેથી બાળકો અનુશાસનમાં રહે અને શાળાના વાતાવરણને શ્રેષ્ઠ બનાવવામાં મદદરૂપ થઇ શકે.

**૧૩. ભાવિ સંશોધન માટેના સૂચનો :**

- સંસ્થાઓએ હાલમાં એ સમજવાની તાતી જરૂરિયાત છે કે શિક્ષણ માટે જૂની પેઢીની જરૂરિયાત અને નવી પેઢીની જરૂરિયાત બંને અલગ અલગ છે. પાયાની જરૂરિયાતો માટે ઝઝૂમતી જૂની પેઢીના સ્થાને નવી પેઢી શોખ માટે ઝઝૂમી રહે છે, તેમનું યોગ્ય માર્ગદર્શન કરવું અને સાચા માર્ગે વાળવા એ ખૂબ જ જરૂરી તો છે જ સાથે દેશહિત માટે પણ આવશ્યક છે તેથી શિસ્ત અને વિવેકનો બાળકમાં આવિર્ભાવ થાય તે માટે પ્રાથમિક વિભાગથી જ તેની સમજ બાળમાનસમાં સર્જવી જોઇએ.
- વર્તમાન ફેરફારોને ધ્યાને લઇ શિક્ષકોએ પણ અપડેટ થવું અને અપગ્રેડ રહેવું,જેથી નવા વિદ્યાર્થીઓ સામે મજબૂતીથી ટકી શકાય. કૌશલ્યપૂર્ણ બનવાની સાથે બાળક સાથે આત્મીયતા પૂર્ણ,પ્રેમપૂર્ણ વ્યવહાર કરવાની ટેવ કેળવી લેવી. વર્ગખંડમાં તમામ બાળકોને સમાન ગણી તેમના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહેવું એવો ભાવ કેળવવો.
- વાલીઓનું સતત કાઉન્સેલિંગ કરી યોગ્ય બાળમાવજત ની દિશા દર્શાવવી,જેથી તેમને સહકાર પણ પ્રાપ્ત થાય અને વિદ્યાર્થીઓનું વર્તન સમજપૂર્વકનું અને જવાબદારી યુકત બને.
- બિનશૈક્ષણિક કર્મચારીગણની શિસ્ત પણ ખૂબ જ જરૂરી છે. તેમનો પણ દિશાનિર્દેશ કરી વર્તણૂંક અંગેના નિયમો સ્પષ્ટ રાખવા. જેથી સમગ્રતયા શાળામાં શિસ્તનું વાતાવરણ જન્માવી શકાય.
- અંતે એટલું કહીશ "યથા રાજા તથા પ્રજા" કહેવત અનુસાર શાળાના આચાર્યો એ પણ અનુશાસનનું પાલન કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ઉદાહરણ રૂપ બનવું, જેથી શિસ્ત અંગેના તમામ ખ્યાલો અનુસરણીય બને.

---



## વિષય : ધો.૧૨ના રસાયણવિજ્ઞાનમાં Part-A (MCQ)માં પરીક્ષા વિદ્યાર્થીઓના ઓછા માર્ક્સ આવવાના કારણો, અવલોકનો અને ઉપાયો.

**પરેશભાઇ સી. પટેલ**
(મ.શિ. ઉ.મા. વિભાગ)

### ➢ વિષય શા માટે પસંદ કર્યો ?

૧. રસાયણવિજ્ઞાન વિદ્યાર્થીઓ માટે કઠિન વિષય માનવામાં આવે છે, ખાસ કરીને MCQ પરીક્ષાઓમાં.

૨. છેલ્લા કેટલાંક વર્ષોમાં જોવા મળે છે કે વિદ્યાર્થીઓ અપેક્ષા મુજબનાગુણ મેળવી શકતા નથી.

૩. પરીક્ષાઓમાં MCQનું મહત્વ વધતું જાય છે. (Competitive Exams, Board Exams).

૪. શિક્ષણ ક્ષેત્રે આ સમસ્યા વારંવાર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાએ નોંધાવી છે.

૫. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રગતિમાં અવરોધરૂપ થતી આ સમસ્યાનો ઉકેલ શોધવો જરૂરી છે.

**કલમ પણ કમાલ છે સાહેબ પોતે ખાલી થઈને બીજાની જીંદગી લખે છે.**

### ➢ કેવી રીતે પસંદ કર્યો ?

૧. શાળાના પરિણામોનું વિશ્લેષણ કરતા જણાયું કે રસાયણવિજ્ઞાનના MCQ વિભાગમાં વિદ્યાર્થીઓ ઓછા માર્ક્સ મેળવે છે.